ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

અધિસૂચના ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0745/B1

**વંચાણમાં લીધાં :-**

(૧) વિભાગની તા.૨૬/૦૫/૨૦૨૦ ની અધિસૂચના ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૫૧૬/બ૧

(૨) વિભાગના તા.૧૯/૦૪/૨૦૧૬ નું જાહેરનામું ક્રમાંક: જીપી-૨૦૧૬ (૪)/આઇસીડી-૧૦૨૦૧૩-૪૨૫૬-બી

(૩) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) અમદાવાદનું તા.૨૬/૦૬/૨૦૨૪નું જાહેરનામું.

(૪) રાજ્યપત્રિત અધિકારીઓના(નોકરી પૂર્વેની તાલિમ અને પરીક્ષા) અંગેના નિયમો, ૧૯૭૦

(૫) આ વિભાગનો તા.૧૪/૧૦/૨૦૨૪ નો હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0745/B1

(૬) સુશ્રી જિજ્ઞાસા દવેની તા.૧૫/૧૦/૨૦૨૪ની રજૂઆત.

(૭) આ વિભાગનો તા.૦૪/૦૧/૨૦૨૫ નો હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0745/B1

(૮) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) અમદાવાદનું તા.૧૯/૦૫/૨૦૨૫નું જાહેરનામું

(૯) સામાન્ય વહીવટ વિભાગનું તા.૧૧/૦૯/૨૦૦૧ નું જાહેરનામું

**આમુખ:**

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ની અધિસૂચનાથી સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે(ક્રમાંક-૨) ને અજમાયશી પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ તરીકે નિમણૂંક આપવામાં આવેલ હતી. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના જાહેરનામાંથી પ્રસિધ્ધ થયેલ પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક, વર્ગ-૧ ના ભરતી નિયમોના નિયમ-૬ મુજબ રાજ્યપત્રિત અધિકારીઓના (નોકરી પૂર્વેની તાલિમ અને પરીક્ષા) અંગેના નિયમો, ૧૯૭૦ અનુસાર પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષા સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવેએ નિયત તકમાં પાસ કરવાની રહેતી હતી.

વંચાણે લીધાં (૩) થી રાજ્ય પત્રિત અધિકારીઓના પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષાનું પરિણામ જાહેર થયેલ છે. વિભાગના વંચાણે લીધાં-(૫)ના હુકમથી સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે, પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ એ પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા સરકારશ્રી દ્વારા નિયત કરેલ તકમાં ઉતિર્ણ ન કરેલ હોઈ તેઓની પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ તરીકેની સેવાઓ સમાપ્ત કરવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધાં (૬) થી સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે દ્વારા પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા આપવા માટે કૃપા તક આપવા રજૂઆત કરવામાં આવેલ હતી.

વિભાગના વંચાણે લીધાં-(૭)ના હુકમથી સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવેને પૂર્વ સેવા તાલીમાંત

પરીક્ષા આપવા માટે કૃપા તકની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધાં-(૮) થી સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે, પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ની પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષામાં કૃપા તકથી ઉતિર્ણ થયેલ છે તેથી તેમને સેવામાં પુન: સ્થાપિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**હુકમ:**

સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવેને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ દ્વારા તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ પરિણામથી પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ ની પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષામાં કૃપા તકથી ઉતિર્ણ થયેલ હોઈ તેમને અજમાયશી પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ તરીકે અને નીચેની વિગતોએ નિમણૂંક આપવામાં આવે છે:

| અ.નં. | કર્મચારીનું નામ | કચેરીનું નામ |
|---|---|---|
| ૧ | સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે | જિલ્લા પંચાયત કચેરી, જિ.મહેસાણા |

૨. વધુમાં, સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧)ની અધિસૂચનાથી મળેલ પ્રવરતા ગુમાવશે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-(૯) સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવેની નવી પ્રવરતા પરિણામ પ્રસિધ્ધ થયા તારીખ સમયની રહેશે. ઉપરાંત, વિભાગની વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ની અધિસૂચનાની નિમણૂંકની શરતો યથાવત રહેશે.

૩. સદર હુકમ મળ્યેથી સુશ્રી જિજ્ઞાસાબેન કુમુદચંદ્ર દવેએ દિન-૧૦ માં નિમણૂંકના સ્થળે વિભાગની જાણ હેઠળ હાજર થવાનું રહેશે.

૪. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૬/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ હુકમ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-signed**
(આર. આર. પ્રજાપતિ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

1. માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

2. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.મહેસાણા તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ
5. સંબંધિત પ્રોગ્રામ અધિકારી.(આઈસીડીએસ કચેરી મારફત)
6. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.07.18 11:50:39 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign